हरिः ॐ

स्वरूप-समज.

भिद्यते हृदयग्रन्थि छिद्यन्ते सर्वसंशयाः ।
क्षियंते चास्य कर्माणी तस्मिन्दृष्टे परावरे ॥

સંગ્રાહક—રેવાશંકર ગણુપતરામ ભટ્ટ
વડોદરા
મદનઝાંપા રોડ, ઉપલા ફળીયા.

પ્રકાશક—શેઠ પુરૂષોત્તમ નાનજી
(અનાથાશ્રમના વ્યવસ્થાપક)
કેશોદ (કાઠીઆવાડ).

[પ્રથમાવૃત્તિ] [પ્રત ૫૦૦.

વિ. સં. ૧૯૭૮
શ્રીશંકરજયંતિ.

मूल्य अमूल्य.

हरिः ॐ

स्वरूप-समज.

भिद्यते हृदयग्रन्थि छिद्यन्ते सर्वसंशयाः ।
क्षियंते चास्य कर्माणी तस्मिन्दृष्टे परावरे ॥

સંગ્રાહક—રેવાશંકર ગણુપતરામ ભટ્ટ
વડોદરા
મદનઝાંપા રોડ, ઉપલા ફુલીયા.

પ્રકાશક—શેઠ પુરૂષોત્તમ નાનજી
(અનાથાશ્રમના વ્યવસ્થાપક)
કેશોદ (કાઠીઆવાડ).

[પ્રથમાવૃત્તિ] [પ્રતિ ૫૦૦.

વિ. સં. ૧૯૭૯
श्रीशंकरजयंति.

मूल्य अमूल्य.

निवेदन.

"नृदेह माद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरु कर्णधारम् ।
मयानुकूलेन नभस्वतेरितं पुमान्भवाब्धिं नतरेत्स आत्महा ॥"
श्रीकृष्ण.

"स्वे स्वेऽधिकारे या निष्ठा सगुणः परि कीर्तितः ॥
विपर्ययस्तु दोषः स्यादुभयोरेष निश्चयः ॥" श्रीकृष्ण.

"विषयाभिनिवेशेन नात्मानं वेद ना परम् ।
वृक्षजीविकया जीवन्व्यर्थं भस्त्रेवयः श्वसन् ॥" श्रीकृष्ण.

हरिः ॐ

"स्वरूप–समज."

*"તે પરાવરનો અપરોક્ષ સાક્ષાત્કાર થયે સતે, હૃદયગ્રંથી–અંતઃકરણનો કર્તારૂપ વૃત્તિમાન્ અંશ જે અહંકૃતિ, તે અહંકૃતિનું સાક્ષિ સાથે જે ભ્રમજ તાદાત્મ્ય, તે ભ્રમજ તાદાત્મ્યજ ચિત્–જડગ્રંથી–હૃદયગ્રંથી કહેવાય છે, તે હૃદયગ્રંથી–ભેદાય છે, સર્વ સંશયો છેદાય છે અને સર્વ કર્મ ક્ષીણ થાય છે–નહિવત્ થાય છે."

શ્રીકૃષ્ણમુની.

સુજ્ઞ વાચક,

વિ. સં. ૧૯૭૪ના વૈશાખ માસમાં, ભારત સંતાનોનાં તન, મન અને ધનનો યથેચ્છ ભોગ લેનાર, રાજા–પ્રજા વચ્ચે વૈમનસ્ય ના બીજને પલ્લવિત કરનાર, સંબંધીઓના સંબંધને ખરા સ્વરૂપમાં પ્રકટાવનાર, અને ઢુંગી–ધુતારાઓને અવકાશ આપી તેમને પોશનાર 'પ્લેગ'ની મોસમ હતી. પ્રસ્તુત સમયે અમુક નગર, અમુક સ્થાનમાં, બે મિત્રો વચ્ચે 'સ્વરૂપ' સંબંધે ચાલેલો સંવાદ કે જેમાં શ્રી સચ્ચિદાનંદ પ્રભુના આદેશાનુસાર સુધારો વધારો થઇ શ્રી શંકર જયંતી માટે સંગ્રહીને લખાયેલ, તે આ "સ્વરૂપ–સમજ" છે. એ પ્રકટ કરવાનો હેતુ, જિજ્ઞાસુઓને સ્વરૂપ સમજવામાં કંઇક અંશે સહાય થાય તે છે.

---

*भीद्यते हृदयग्रन्थी छीद्यन्ते सर्व संशयाः ।
क्षियन्ते चास्य कर्माणी तस्मिन्दृष्टे परावरे ॥

એ બે મિત્રોનાં નામ કહેવા લૌકિક વ્યવહાર અટકાવે છે. સંવાદનો સંબંધ જાળવવા માટે એકનું નામ જ્ઞાન અને બીજાનું નામ અજ્ઞાન, આમ ઠરાવી આપણે આપણો વ્યવહાર ચલાવીશું. અત્રે શંકા થશે કે, જ્ઞાન અને અજ્ઞાન એ ઉભય પરસ્પર વિરૂદ્ધ સ્વભાવવાળા મિત્ર કયેમ બની શકે? અમુક વ્યક્તિયોનો સંયોગ-વિયોગ, અમુક સમયે, અમુક સ્થાનમાં, અમુક વયે, અમુક સંબંધે અમુક સમય સુધી પ્રારબ્ધવશાત્ બની આવે છે. જો આમ ન હોય તો વ્હાલાંઓનો વિયોગ અને અણગમતાંઓનો સંયોગ કયમ થાય છે? આ વ્યવહાર પરતંત્ર હોવાથી અનિવાર્ય છે. ઉકત નિયમે શરીરો જોડાયા પછી કંઇક અંશે સ્વભાવ મળે છે! તેમાંથી ક્રમે ઉભય, અમુક એક વિશિષ્ટ ભાવ રૂપ કેંદ્રમાં સ્થિર થાય છે એ ભાવ રચના સ્વતંત્ર હોવાથી, બેઉમાંથી જો એક વ્યક્તિ વિશુદ્ધ ભાવ યુક્ત હોય છે તો બીજી વ્યક્તિને તે ભાવથી ભાવિત કરી દે છે અને અશુદ્ધ ભાવને શુદ્ધ ભાવ રૂપ બનાવી દે છે. જેટલે અંશે આમ થાય, તેટલે અંશે પ્રારબ્ધવશાત્ બની આવેલ મિત્ર રૂપ સંયોગ સુફળ થાય છે. વસ્તુતઃ જ્ઞાન-અજ્ઞાન એ બે નથી; પણ એકજ છે. માત્ર વ્યવહાર પુરતો અવ્યક્તમાં-સ્વરૂપમાં આરોપાયેલો ભાવ છે. ભાવ-અભાવ અને અભાવ-ભાવ એ જે માયા કહેવાય છે, તે તે છે. તે શાંત થયે ભાવ-અભાવ, જ્ઞાન-અજ્ઞાન એ ઉભય સમુદ્ર તરંગવત્ શાંત થાય છે. શાંત થઇ ને શું થાય છે? એ કહેવા વાણી અસમર્થ છે. જરા વાત કરતાં આડું જવાયું તે માટે ક્ષમા ઘટે છે.

આઠ તો વાગ્યા! હજુ દેવ ના આવ્યા! એમ મરણોન્મુખ, પ્લેગની અકથ્ય વેદનાથી વ્યથીત થતું અજ્ઞાન બોલ્યું. જેને માટે પૂછે છે, તે પાસે હોવા છતાં, ભાનમાં કે બેભાનમાં આટલું બોલી, વળી આગળ કહેવા માંડયું: હવે હું થોડી વારે મરીશ! મર્યા પછી શી ગતિ થશે? આજ સુધી પરમેશ્વર-જગત ચક્રના ચાલકને ઓળખ્યો, ભજ્યો, કે પૂજ્યો નહિ! અસંખ્ય પ્રકારનાં, અસંખ્ય પાતકો, અસંખ્ય વખત મેં કર્યાં! હે પ્રભુ! એક પણ પાપનું, આ વખતે પ્રાયશ્ચિત કરૂં એવી શક્તિ અને સાધન મારામાં નથી; એ તું જુએ છે! માત્ર ત્હારૂં નામ સ્મરવામાં સત્તા-સામગ્રિની જરૂર નથી; પરંતુ મારાં એટલાં બધાં પાપો છે કે, તેનો નાશ કરવાનું સામર્થ્ય ત્હારા નામમાં હશે કે કયેમ? એ સંશય છે. હે ભગવન્! કોઈપણ ત્હારૂં નમ ઉચ્ચારૂં તો મારી સદ્ગતિ થશે શું? મારાં સર્વ પાતકો બળી ગયે હું અધઃપાતથી બચી શકીશ શું? હું સર્વથા નિર્ભય થઇશ શું? મારા સર્વ ક્લેષો અને સર્વ શોક શમશે શું?

આ સાંભળી પાસે બેઠેલા જ્ઞાને, દીવો સંકોરી પ્રકાશ વધારતાં કહ્યું, [૧]"શ્રી હરિ નામમાં જેટલી પાપ હરણ કરવાની શક્તિ છે, તેટલું પાપ કરવા શ્વપચ-ચાંડાળ પણ સમર્થ નથી." આ સાંભળી અજ્ઞાનને ધીરજ આવી ને તેણે હળવે હળવે હરિ હરિ! કહેવા માંડયું.

---

૧ नाम्नोऽस्ति यावती शक्तिः पाप निर्हरणे हरेः। श्वपचोपि नरः कर्तुं क्षमस्तावन्न किल्बिषम्. अनुस्मृति.

વળી ફરી પ્રલાપ ચાલ્યો! હું પ્રભુ નામ સ્મરીશ, તેથી મારૂં કલ્યાણ થશે; પણ આ સર્વ વાત એક શ્રદ્ધા ઉપરજ અવલંબી રહી છે. મારા હૃદયમાં, પાપના કર્તાપણાનો જે વજ્રલેપ પ્રમાણે દૃઢ સંસ્કાર થયો છે, તે એકાએક કયેમ ભુસાય? હમણાં હું હરિ હરિનો ઉચ્ચાર કરૂં છું; તથાપિ વચમાં વચમાં હું પાપી છું. એ કલ્પનાનું સ્ફુરણ તો છે જ. મારાં પાપો બળી ગયાં કિંવા હું પાપ કર્તા નથી, એવી પ્રતીતી મારા હૃદયમાં થતી નથી. કરેલાં પાપોની સ્મૃતિ હૃદય કંપાવે છે! દુઃખ અત્યંત અસ્વસ્થ બનાવે છે ભલે તેમ થાય, તોપણ નામોચ્ચાર તો કરીશજ. એમ કરતાં પ્રાણો-ત્ક્રમણ થાય તો મારી સદ્દગતિ થશે; પરંતુ તે વખતે વાત. પિત્ત અને કફનો સન્નિપાત નહિ થાય અને સાવધાનતા પૂર્વક હરિનામ સ્મરવાની સ્ફુરતી રહેશે અને હરિ હરિ કરતાં પ્રાણોત્ક્રમણ થશે, -એનો ભરૂસો શું? તોપણ બને ત્યાં સુધી નામ સ્મરણ કરવું તો ખરૂં જેટલું તે થશે, તેટલે અંશે પાપ નષ્ટ થઇ શુદ્ધ થવાશે. તે અમુકવાર બોલાય અને હું શુદ્ધ છું, એવી ભાવના થાય તો મને યમ શું કરનાર છે? [1]"જેવી જેની શ્રદ્ધા તેવો તે થનારજ" આવો અચલ નિયમ શ્રીકૃષ્ણે ગાયો છે; તો એવું શ્રદ્ધાનું પરિણામ મારા ઉપર કયેમ નહિ થાય? આ બધું ખરૂં હોય એવી પ્રતીતી તો કંઇ થતી નથી! પરમેશ્વર સામો આવીને કહેતો નથી કે; તું 'સમૂળ કર્મ બંધનથી મુક્ત છો." મને પાપ ફળ દુઃખ ભોગવવાની ઇચ્છા નથી તે માટે, હું સર્વ પાપ માત્રનો કર્તા નથી, એવો નિશ્ચય થવો

---

१ सत्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत। श्रद्धामयोयं पुरुषो यो यच्छ्रद्धः स एवच ॥ श्रीकृष्ण.

જોઇએ; તોજ મારે કર્મફળ ભોગવવું પડે નહિ નહિતો કર્તૃત્વની પાછળ ભોક્તૃત્વ તો વળગ્યુંજ છે હે પ્રભુ! તારે ત્યાં તારા શાસ્ત્રોમાં મને પ્રતીત થાય કે "હું મુક્ત છું" એવું કંઇ હોય તો મને કહે તું દયાળ છો, તું પતિત પાવન છો, જો આવો તું હોય તો મને નિશ્ચય કરાવ કે "હું મુક્ત છું;" નહિ તો હું કહીશ કે ઇશ્વર એવી કંઇ વસ્તુજ નથી. હ! હું શું કરૂં? મારી દુઃખદ સ્થિતિજ મને આમ બોલાવે છે. હરિ હરિ!!

આ અજ્ઞાન પ્રલાપ સાંભળી જ્ઞાને કહ્યું–મારા મિત્ર! સાવધ થાઓ. વિશ્વારાધ્ય યોગેશ્વર શ્રી કૃષ્ણ, અર્જુન પ્રત્યે વદ્યા છે તે સ્મરો અને તેને ધ્યાનમાં લ્યો. પ્રભુ કહે છે કે [2]"સર્વ પાપીમાં પાપી હોઇશ તોપણ જ્ઞાન નૌકાથીજ સર્વ પાપ સાગરને સહજ તરીશ." [3]"જેમ સળગાવેલો અગ્નિ કાષ્ટને, હે અર્જુન! ભસ્મજ કરે છે તેમ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને ભસ્મ કરે છે." [4]"આ જગતમાં પાતકીને શુદ્ધ કરનાર, જ્ઞાન જેવું પવિત્ર બીજું છેજ નહિ જ્ઞાનરૂપ તપના યોગે અનેક જીવ શુદ્ધ હોઇને ભગદ્ભાવને પામ્યા છે." આ આદેશ શું અવિશ્વસનીય છે?

---

२ अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पाप कृत्तमः। सर्वं ज्ञान प्लवे नैव वृजिनं संतरिष्यति ॥

३ यथै धांसी समिद्धोग्निर्भस्मसात्कुरुतेर्जुन। ज्ञानाग्नि सर्व कर्माणी भस्मसात्कुरुते तथा ॥

४ नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते। बहवो ज्ञान तपसा पूता मद्भावमागतः।

અજ્ઞાન—મારા દેવ! આપે મને દીક્ષ વચન સભળાવ્યાં જે જ્ઞાનનું આવું અલૌકિક મહાત્મ્ય ગાયું, તે જ્ઞાન શા વિષયનું હેવું જોઇએ? તે કૃપા કરીને કહેશો?

જ્ઞાન—હા! તે જ્ઞાન માત્ર તમારા પોતાના સ્વરૂપ વિષયનુંજ તમને હોવું જોઇએ.

અજ્ઞાન—શું! મને મારા વિષયનું જ્ઞાન નથી? એમ આપ કયેમ કહો છો? 'હું છું' એવો મને નિશ્ચય છે. હું છું કે નથી? એવો મને મારા વિષે લેશ સંશય નથી. હું મને સારી રીતે સ્ફુરૂં છું. હું નથી એવું મને કોઇપણ વખત થતું નથી. મને મારા વિષયનું જે જ્ઞાન હોવું જોઇએ, એવું આપ કહો છો તે આજને? આજ તેનો આકારને? આજ તેનું સ્વરૂપને? આપને અભિપ્રેત એવું સ્વરૂપનું જ્ઞાન જો આજ હોયતો, તેથી હું કૃત પાપોથી મુક્ત છું, એવું મને કયેમ પ્રતીત થતું નથી?

જ્ઞાન—તે કયાંથી થાય! તમોને તમારા વિષયનું જ્ઞાન છે, એવો જે પ્રકાર તમે કહ્યો તે સામાન્યતઃ સત્ય છે, તેવું જ્ઞાન સર્વ સાધારણ છે; પણ તેટલાથી તમને તમારા વિષયનું વિશેષ જ્ઞાન, જેવું શાસ્ત્રોને અને સત્પુરૂષોને અભિપ્રેત છે, તેવું તે નથી. જે છે તે મલીન છે-અશુદ્ધ છે, માટે તેનું શોધન થવું જોઇએ. તેનું શોધન થયા પછી તમને તમારા વિષયનું જ્ઞાન, પ્રતીત થશે અને તે જ્ઞાન પાપમોચક છે, એવી ખાત્રી થશે. સાથે સાથે સત્ય-મિથ્યાનો નિર્ણય પણ થશે.

અજ્ઞાન—મારૂં જ્ઞાન મલીન છે, એટલે શું! તેમાં મળાંશ શું છે? તે મને કૃપા કરીને જણાવશો તો, તેનું હું ક્ષાલન કરીશ.

જ્ઞાન-ભલે સાંભળો! જેમ પાણી એ સ્વતઃ શુદ્ધજ હોયછે, પણ તેમાં મૃદ્ધાંશ ભળવાથી મલીન જણાય છે, ત્યેમ આમાં પણ છે. પ્રથમ મને કહો કે, તમને સ્વ વિષયનું જ્ઞાન છે, એ જ્ઞાનનો વિષય શો છે?

અજ્ઞાન-મને હું સ્ફુરૂં છું એટલુંજ મને મારા વિષયનું જ્ઞાન છે. આ જ્ઞાનનો વિષય હું છું; એટલે જ્ઞાનક્રિયાનું કર્મ હુંજ છું.

જ્ઞાન-તમે કહ્યું તે ખરૂં, પણ હમણાં તમેં જે પદાર્થને હું કહિને ઉલ્લેખ કરો છો, તે પદાર્થ શું છે? કયા પદાર્થને તમે, હું એ સંકેતથી જણાવો છો?

અજ્ઞાન-હું એટલે જીવ જીવ સંજ્ઞિત પદાર્થને હું એવો સંકેત છે, એવું હું સમજું છું; આ પંચભૂતાત્મક પુતળાને તો નહિજ.

જ્ઞાન-ખરૂં કહ્યું, તે પણ જીવ એ શું વસ્તુ છે? જીવ એ જડ પદાર્થ છે? કિંવા ચેતન પદાર્થ છે? અથવા ઉભયરૂપ છે?

અજ્ઞાન-હું અચેતન કિંવા જડરૂપ તો નથીજ. જો હું જડ હોત તો, મને સ્ફુરણજ ન હોત. જાગ્રતમાં અને સ્વપ્નમાં, ભાસમાન થનારા સર્વ પદાર્થનું મને સ્ફુરણ કિંવા સંવેદન થાય છે, તેથી હું પત્થર પ્રમાણે જડરૂપ અથવા અચેતન રૂપ નથી ગાઢ સુષુપ્તિ અવસ્થામાં માત્ર મને કંઇ સ્ફુરતું નથી, તે વખતે હું જડરૂપ છું એવું કહું તો ચાલે ખરૂં; પરંતુ મારી નિદ્રાનો અનુભવ પણ મનેજ થાય છે, માટે તે વખત પણ હું જડરૂપ હોઉં એમ કહેવાય નહિ. જડને અનુભવ નથી. મને તો સુષુપ્તિનો અનુભવ છે, માટે હું જડરૂપ નથી. નિદ્રારૂપ અવસ્થાથી, ભિન્ન એવા કોઇ પદાર્થનો મને અનુભવ તે વખતે નથી હોતો, તેથી તેટલા

પુરતો હું જડ છું એમ કહેવાય; તથાપિ જડત્વ અને ચેતનત્વ એવા બે પરસ્પર વિરુદ્ધ સ્વભાવ કિંવા ગુણ ધર્મ, હું એકમાં હોય એ અસંભવ છે. ન્હાય ત્યેમ હો! પણ એક પદાર્થનું મને સંવેદન ન થાય, તેથી હું કેવળ જડરૂપ ઠરતો નથી. તેવા પદાર્થોનું સંવેદન ન થવામાં તમોરૂપ અંધકાર અથવા એવું કંઇ બીજું આડું આવતું હોવું જોઇએ. મારા જીવંતપણા ઉપરથી હું ચેતનરૂપ છું, એ સિદ્ધજ છે.

મર્યા પછી હું કેવો થઇશ તે મારાથી કહી શકાતું નથી. વૃક્ષ-પાષાણાદિ પદાર્થ જેવાં હમણાં મને જડરૂપ ભાસે છે, તેવો જો હું થઇ જાઉં તો, જડ-મૂઢ ઠરી શકું; પણ હમણાં તો ચેતન રૂપજ છું. હું પાપી ચેતનમાં અને અન્ય ધર્મિરૂપ ચેતનમાં યત્કિં ચિત્ પણ ફેર નથી. જડમાં પાપ-પુણ્ય પ્રકાર હોતો નથી.

જ્ઞાન-આ પાપ-પુણ્ય, એ પ્રકાર શો છે?

અજ્ઞાન-મારા સમજવા પ્રમાણે એ બે કર્મના પ્રકાર છે. પુણ્યનું ફળ સુખ અને પાપનું ફળ દુઃખ, "જે જેવું કરે તેને તેવું ફળ મળે." આવી લોકોક્તિ શાસ્ત્ર સંમત છે, તેજ હું કહું છું.

જ્ઞાન-વારુ! તમે જેવા ચેતનરૂપ છો, એવા અમે પણ ચેતનરૂપ છીયે, એવું તમે સમજો છો?

અજ્ઞાન-હા! આપ પણ ચેતનરૂપજ છો.

જ્ઞાન-તમે, હું અને આ સર્વ ઇતર ચેતન રૂપ છે, તો તમારામાં પાપ કર્તૃત્વ અને ઇતર જીવોમાં પુણ્ય કર્તૃત્વ, તે જેને તેને માટે નિયત ઠર્યાં છે શું? તમારૂં ચૈતન્ય પાપ સ્વભાવ હોવાનું અને ઇતર શુકાદિક તેમનું ચૈતન્ય પુણ્ય સ્વભાવ હોવાનું, એવો નિયમ ઠર્યો

છે શું? એવો નિયમ ઠરતો હોય તો તે કોઇએ કર્યો હોવો જોઇએ, તે કોણે કર્યો? ચેતનથી જે કંઇ ઇતર જડ છે, તે જડે આ નિયમ ઠરાવ્યો હોવો જોઇએ એમ કહી શકાય. અર્થાત્ ચૈતન્ય ઉપર જડનો અધિકાર ચાલતો હોવો જોઇએ, એવો હે જડરૂપ તત્ત્વનો મહિમા છે શું? જડને આધીન ચેતન છે શું? જો આમ ન હોય તો પાપ કર્તૃત્વ અને પુણ્ય કર્તૃત્વ, આ બે વિરૂદ્ધ થનારી કલ્પના, ચૈતન્યેજ ચૈતન્યમાં કરી છે, એવો કંઇ પ્રકાર છે શું? ચૈતન્ય પદાર્થ એક છે કે અનેક-નાના છે? આ સર્વ પ્રશ્નનો ઉત્તર યથામતિ આપો જોઉં!

અજ્ઞાન-અમુક ચેતનમાં પાપ કર્તૃત્વ અને અમુક ચેતનમાં પુણ્ય કર્તૃત્વ, આ નિયમ ઠરેલો નથી. કદાચિત્ આજનો પાપી કાલે પુણ્યવાન્ થઇ જાય અને આજનો પુણ્યવાન્ કાલે પાપી પણ થઇ જાય! "જે જેવું કરે તે તેવો થાય." અમુક જગ્યાએ ચૈતન્યે પાપ સ્વભાવ થવું અને અમુક જગ્યાએ ચૈતન્યે પુણ્ય સ્વભાવ થવું એવો નિયમ નથી ચૈતન્ય એ સ્વરૂપથી સર્વત્ર એકજ પદાર્થ છે; માટે અમુક ઠેકાણે તેનો સ્વભાવ પુણ્યરૂપ હોવો અને અમુક ઠેકાણે તેનો સ્વભાવ પાપરૂપ હોવો, એવો પ્રકાર વસ્તુતઃ સંભવનીય નથી શક્ય નથી-યુક્તિ સિદ્ધ પણ નથી. "સ્વભાવ તે સ્વભાવ" તે સર્વત્ર સર્વદા એકરૂપજ હોવું જોઇએ. અમુક દેશમાં ને અમુક કાળમાં અગ્નિ ઉષ્ણ સ્વભાવ થાય છે, અને અમુક દેશમાં ને અમુક કાળમાં અગ્નિ સીત સ્વભાવ થાય છે, એવો પ્રકાર કોઇએ કોઇ વખત જોયો કે સાંભળ્યો નથી. પાપ-પુણ્ય આ ચૈતન્યનો સ્વભાવ ઠરાવી શકાતોજ નથી ચૈતન્યથી વ્યતિરિક્ત સર્વ કંઇ જડ છે, તેણે એ નિયમ ઠરાવ્યો છે, એમ પણ

કહિ શકાય નહિ. જડને આધીન ચૈતન્યની પ્રવૃત્તિ કોઇને દેખાતી નથી, અને તેવો સંભવે નથી. ઉલટું, ચૈતન્યને આધીન જડની પ્રવૃત્તિ છે, અને તે સર્વને પ્રત્યક્ષ પણ છે. ચૈતન્ય તો સ્વરૂપથી કિંવા સ્વભાવથી એકજ હોવું જોઇએ, એ ન્યાય છે. પાપ કર્તૃત્વ અને પુણ્ય કર્તૃત્વ, એ પરસ્પર વિરૂદ્ધ કલ્પના, ચૈતન્યને ઠેકાણે ચૈતન્યથી થાય છે? એ માનવા યોગ્ય નથી. પોતાને અનિષ્ટ ફળ થાય એવું જે પાપ, તેની કલ્પનાને તે પોતાનામાં કમેમ કરે?! તથાપિ અમુક પ્રાણી પાપી અને અમુક પ્રાણી પુણ્યવાન્ આવો પ્રકાર છે, ને તે દેખાય છે. પાપી તે દુઃખી થનાર અને પુણ્યવાન્ તે સુખી થનાર આ પ્રકાર સર્વત્ર સંમત છે, તો પાપ અને પુણ્ય એ જે બે વિરુદ્ધ સ્વભાવનાં છે, તે કોનાં ઠરાવવાં, એ મારાથી સમજાતું નથી, તે આપ કૃપા કરી સમજાવો.

જ્ઞાન—ઠીક! હવે મને વિચાર પુર્વક કહો કે, ચૈતન્ય શું કામ કરે છે? ચૈતન્યનો સ્વભાવ કેવો હોવો જોઇએ? તે સાકાર છે કે નિરાકાર? તે અનંત છે કે સાંન્ત? તે વિકારી છે કે અવિકારી! તે બુદ્ધિગમ્ય છે કે ઇન્દ્રિયગમ્ય છે, અથવા તે કોઇને ગમ્ય નથી? તે સસંગ છે કે અસંગ, અર્થાત્ તે ચૈતન્ય વસ્તુ જડરૂપ પદાર્થમાં ભળવા યોગ્ય છે કે નહિ?

અજ્ઞાન—હાં !! આપે આટલા બધા પ્રશ્ન પૂછ્યા, તેનું બીજ—કારણ મારા લક્ષમાં આવતું નથી. હું ચૈતન્યરૂપ ચૈતન્ય સ્વભાવ છું, એવું મેં આપને કહ્યું, તે ચૈતન્ય ઉપર આટલો ઉહાપોહ કરો છો તેનું પ્રયોજન શું? મને જો ઇષ્ટ ફળની પ્રાપ્તિ હોય તો આ પ્રશ્નની ચર્ચા કરો, નહિતો મારી હમણાં એવી સ્થિતિ છે કે વિશેષ બોલાતું નથી. એટલુંજ નહિ પણ આપ, વિશેષ કહેશો તો તેમાં

મારૂં અનુસંધાન રહેવું પણ અશક્ય છે. હવે હું ઘડી બે ઘડીનો મેમાન છું. એવું મને જણાય છે. મારી આ બેદરકારી માટે ક્ષમા કરો, તે સાથે મારી મુક્તતાનો જો માર્ગ હોય તો તે બતાવો.

જ્ઞાન-મારા આ પ્રશ્નો એટલા માટે છે કે, કોઇ ગ્હાય તેટલો પાપી હોય, તોપણ તે પોતાના સ્વરૂપ જ્ઞાનથી મુક્ત થાય છે. "જ્ઞાન જેવું પવિત્ર નથી" એવા અભિપ્રાયનો શ્રી કૃષ્ણાદેશ પૂર્વે કહ્યો હતો તેનું તમને સ્મરણ તો હશેજ! તમારી ઇચ્છા એવી છે કે કૃત પાપનું ફળ જે દુઃખ તે ભોગવવું ન પડે અર્થાત્ તે પાપ કરનાર તમે નથી, એવું ઠરે તો તેના ભોક્તા પણ તમે નથા, એવી ખાત્રી થવી જોઇએ, એવો તમારો મનોભાવ છે મારા મનમાં પણ એમજ છે. શાસ્ત્રના હૃદયમાં પણ તેમજ છે. *"જેને પોતાના આત્માનું તાત્ત્વિક જ્ઞાન થાય છે તે સર્વ શોક સાગર તરે છે. અર્થાત્ જો આ જીવ અપરોક્ષપણે પોતાના સ્વરૂપને જાણે તો તેને કોઇપણ પ્રકારનો તાપ થાય નહિ" આવું આત્મજ્ઞાનનું ફળ છે. દુઃખ-શોક ન થાય એવી તમારી ઇચ્છા છે, તે માટે તમારા પોતાના સ્વરૂપનું નિરૂપણ થવું એ અવશ્ય છે. તે તમારા પોતાના મુખદ્વારા થાય તેટલું મને અત્યંત ઇષ્ટ છે. જયાં તમારી મતિ કુંઠિત થશે ત્યાં હું ઉપપત્તિથી પ્રત્યય આપીશ. આ ઉપરથી મારા પ્રશ્નનું ધોરણ શું છે, તે તમારા ધ્યાનમાં આવ્યું હશે! તમો ક્ષીણ થયા છો તોપણ હળવે હળવે બોલો. તમારૂં મૃત્યુજ નથી

*"तरति शोकमात्मवित्" "आत्मानं चेद्विजानीयादयमस्मीति पुरुषः। किमिच्छन् कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥"

એવું પૂર્ણપણે લક્ષ્યમાં રાખો ×"આત્મા તો અવિનાશીજ છે."

અજ્ઞાન-આમ છે તો કહું છું! હું ચૈતન્ય સ્વરૂપ છું એ તો નિશ્ચય છે જ. સર્વનો પ્રકાશ થવો, સર્વનો અનુભવ થવો, અને સર્વ વિષયને જાણવો એ ચૈતન્યનું કામ છે. ચૈતન્ય વસ્તુતઃ કોઇ પણ આકારનું નથી, તથાપિ જેવો વિષય કિંવા ઉપાધિ મળે તેવા આકારનું તે સ્ફુરે છે, એવો અનુભવ છે આ ઉપરથી તેનો પોતાનો વિશિષ્ટ આકાર એક પણ નથી. માટે તે નિરાકાર છે. વળી શરીરને જેવા હસ્ત પાદાદિ અવયવો છે, તેવા ચૈતન્યરૂપને કોઇ અવયવો છે એવી મને પ્રતીતી થતી નથી, તેથી તે નિરાકાર છે. ચૈતન્ય અનંત છે કે સાન્ત? આ પ્રશ્ન મને કઠણ દેખાય છે! દીપ પ્રકાશ રૂપ છે, તોપણ તે જાય છે-ઓલવાય છે-નહિવત્ થાય છે, એવો ચૈતન્યનો પ્રકાર કેમ નહિ હોય? પ્રેતકળા પામેલા જીવને કંઇ દેખાતું નથી, તે ઉપરથી તેનું ચૈતન્ય નહિવત્ થયું એમ કહેવાય. હવે કેઇપણ વસ્તુ પ્રકાર સિદ્ધ થવાને ત્યાં ચૈતન્યનો પ્રકાશ હોવો જોઇએ. આમ વિચારીએ છીયે તો તે ચૈતન્ય પ્રકાશ નિરંતર હોવો જોઇએ, એમ કહેવું પડે છે. તેનો અંત છે, આમ માનીએ તો સર્વત્ર અંધારૂંજ થવાનું! પરંતુ તેવી સ્થિતિમાં એ અંધારૂં તે અંધારૂંજ છે, એવું પ્રકાશ વિના કયેમ સિદ્ધ થશે? માટે ચૈતન્ય પ્રકાશ વિનાશ રહિતજ હોવો જોઇએ, એવું નિર્દોષ અનુમાન નીકળે છે, પ્રત્યક્ષ પ્રમાણ ઉપરથી કિંવા સ્વાનુભવાનુ-

---

× न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः। अजोनित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

બળે આ ચૈતન્ય પ્રકાશ ત્રણે કાળમાં છે અર્થાત્ અનંત છે એમ ઠરે છે. ચૈતન્ય નિર્વિકાર છે કે વિકારશીલ છે? આ પ્રશ્ન પણ જરા કૂટ છે કદી આ જીવન સુખી, કદી દુઃખી, કદી મૂઢ, કદી શાંત, કદી ક્રુદ્ધ, કદી ખિન્ન, કદી પ્રસન્ન, આવા અનેક પ્રકારનો સ્ફુરે છે; એટલુંજ નહિ પણ અમુક જીવ જન્મ્યો, અમુક મુવો, આવી એ ચૈતન્ય પ્રકાશરૂપ જીવમાં વ્યવહાર પરંપરા સરખી છે, ત્યારે એ વિકારશીલ છે એમ કહેવું પડે! પરંતુ મારી પૂર્વોક્ત વિચાર શ્રેણીએ આ ચૈતન્યપ્રકાશ અવિનાશી છે, એમ કહેવું પડયું હતું, તે વિચારતાં આ ચૈતન્ય પ્રકાશ વિકારશીલ છે એમ કહી શકાય નહિ; છેવટે એમજ કહેવું પડે છે કે તે વિકારશીલ નથી. ચૈતન્ય રૂપ જીવ પ્રકાશ છે, તો જે જે સ્થિતિ ઉપસ્થિત થાય તેનો એનાથી પ્રકાશ માત્ર થવો, અર્થાત્ સુખ દુઃખાદિક, હર્ષ ક્લેશાદિક, એવા સર્વ વિકારોનું કિંવા ગુણોનું પ્રકાશન એનાથી થવું યુક્ત છે જેનું પ્રકાશન એનાથી થાય છે તે વિકાર એનાથી ભિન્ન છે; તે કોઇપણ બીજા પદાર્થ સંબંધી હોવો જોઇએ; એમ કહેવું પડશે. આ સુખ-દુઃખાદિક કિવા હર્ષ વિષયાદિક વિકાર, નિત્ય અમારા ચૈતન્ય પ્રકાશમાં દૃશ્યપણે સ્ફુરે છે અને તે ચૈતન્ય પ્રકાશ દ્રષ્ટા અથવા પ્રકાશકરૂપે સ્ફુરે છે. દ્રષ્ટાનો દૃશ્ય ધર્મ નથી. દ્રષ્ટા છે તેવો સર્વદા એકરૂપેજ રહેવાનો માટે તે નિર્વિકાર છે, એમ નિર્વાહ કહેવું પડશે. આ એકજ ચૈતન્ય પ્રકાશ, જો સર્વનો પ્રકાશક અને દ્રષ્ટા છે તો, તેને ઇંદ્રિયો કિંવા મન બુદ્ધયાદિક કયેમ જાણી શકે? તે કોઇનો વિષય અથવા વેદ્ય થાય નહિ. એવો બીજો કોઇ પ્રકાશ રૂપ પદાર્થ નથી કે જે આ ચૈતન્યને પ્રકાશિત કરી શકે? માટે ચૈતન્યપ્રકાશ સ્વયંપ્રકાશરૂપ છે અને મન બુદ્ધયાદિને અગમ્ય છે. ચૈતન્ય જો જડ સાથે ભળી જાય તો

સર્વત્ર અંધકારજ થઇ જાય, અને આ જડ છે એવું જડનું સ્ફુરણ તથા પ્રકાશનજ ન થાય! આથી તે ચૈતન્યપ્રકાશ અસંગ છે. એ સિદ્ધ છે. તાત્પર્ય કે, મારૂં ચૈતન્યસ્વરૂપ સ્વયંપ્રકાશ છે, સર્વ પ્રકાશક અને સર્વોપદષ્ટા છે, નિરાકાર છે, નિત્ય છે, અપરિચ્છિન્ન છે, નિર્વિકાર છે, નિર્લેપ છે-નિસ્સંગ છે અને મન બુદ્ધયાદિથી અગોચર છે. મારા ધારવા પ્રમાણે આપના સર્વ પ્રશ્નોના ઉત્તરો મેં યથામતિ આપ્યા છે, તેમાં શુદ્ધાશુદ્ધ શું છે? તે કૃપા કરી કહો.

અજ્ઞાને આપેલા પ્રશ્નોત્તરોને સાંભળી, જ્ઞાનને આશ્ચર્ય અને આનંદ થયા. પછી મંદ મંદ હાસ્ય કરતાં કહ્યું કે, આપે મારા સર્વ પ્રશ્નોના ઉત્તર યથાર્થ આપ્યા છે. એ ઉપરથી તમે અશેષ કર્મ બંધનથી મુક્ત છો, એવો નિશ્ચય થાય છે, તમે ચૈતન્ય સંજ્ઞિત પ્રકાશજ છો, તો પાપ-પુણ્યાદિ રૂપ સર્વ કર્મોથી પ્રથક્--અસંગ અને મુક્ત હો, એમાં સંશય શું? તમારી પૂર્વોક્ત વિચાર શ્રેણીને વિચારો અને નિશ્ચય ધરો.

અજ્ઞાન-આહા! પહેલાં તો હું બદ્ધ છું, પાપરૂપ છું એમ લાગતું હતું; હવે તો હું સર્વનો પ્રકાશક અને સાક્ષિભુત એવો ચૈતન્ય સાંજ્ઞત જ્ઞાનરૂપ પ્રકાશ માત્ર છું. અસંગ હોવાથી સહજ મુક્ત સ્વભાવ છું. આમ મને પોતાને પ્રતીત થાય છે. વસ્તુતઃ આમ હતું છતાં પ્રથમ મને હું પાપી છું, બદ્ધ છું, એમ કયેમ લાગતું હતું?! દીવા નીચે અંધારૂં કહે છે, તેવોજ આ પ્રકાર હોવો જોઇએ! ન્હાય તે હો! હું ચૈતન્યઘન છું. એમાં તો સંશય નથીજ! પાપ-પુણ્યાદિ સર્વ કલ્પના મારા પ્રકાશમાં મને દસ્ય છે. તેનો હું પ્રકાશક હોઇને સાક્ષી છું; માટેજ હું તેનાથી પ્રથક્ અને અસંગ છું. મારા ચૈતન્ય પ્રકાશનો કોઇથી વિરોધ નથી, તેમાં ન્હાય તે

કલ્પનાએ ઉપસ્થિત થવું અને મારા ચૈતન્ય સંજ્ઞિત પ્રકાશના અનુગ્રહથી તેણે દશ્ય થઇને ભાસવું. તે દશ્ય વસ્તુ ન્હાય તે હો! તેથી મારે શું! હું મુક્ત છું, બંધનનું સંકટ મને નથીજ. રહી રહીને મને આશ્ચર્ય થાય છે કે, હું પાપી છું, બદ્ધ છું, ઇત્યાદિ કલ્પનાથી હું આજ સુધી પોતાના સ્વરૂપને વીસર્યો એ શું?! માયા—અવિદ્યા કહે છે તે આજ હોવી જોઇએ! હવે મને તે શું કરનાર છે?!

મહારાજ આપે પહેલાં કહ્યું હતું કે "આ જીવ પોતાના સ્વરૂપ જ્ઞાનથી મુક્ત થાય છે" ત્યારે મેં કહ્યું કે, તે જ્ઞાન મને છે. ત્યારે વળી આપે કહ્યું કે, જ્ઞાન છે, પણ સામાન્ય છે, વિશેષ નથી, ને છે તે મલીન છે, તેનું શોધન થવું જોઇએ. આટલું કહી મને પ્રશ્નો પૂછી વિચાર કરવામાં જોડ્યો વિચાર કરવો એજ શોધન છે. એ વિચારથી જણાયું કે, હું ચૈતન્યઘન છું, અસંગ છું, નિત્ય છું, નિર્વિકાર છું, જ્ઞાનરૂપ છું. એજ મને મારૂં વિશિષ્ટજ્ઞાન અપેક્ષિત હતું, એમ આપનો તે વખતે અભિપ્રાય હોવો જોઇએ, તે હવે બરાબર હું સમજ્યો. જે પાપની કલ્પનાથી હું બીતો હતો તે હવે નિર્ભય થયો છું; કારણ હું નિત્ય મુક્ત છું આ મુક્તપણું કિંવા મોક્ષ એ બહારથી આવનારી ઉપાધી અથવા ગુણ—ધર્મ કે અવસ્થા વિશેષ નથી; પણ સ્વરૂપ સ્વભાવજ એવો છે.

હું જોઉં છું કિંવા અનુભવું છું માટે હું ચૈતન્ય છું, હું જેને જોઉં છું તે જડ હોવું જોઇએ. આ ઉપરથી જગતમાં બે પદાર્થો છે, એવું સિદ્ધ થવા જાય છે; પણ તેમ નથીજ. "હું જોઉં છું" અહિં મારા ઉદાસીન અને શાંત એવા ચૈતન્યનો આવેશ થયેલો અહંકાર દ્રષ્ટા હોય એમ દેખાય છે; પણ તે સત્ય નથી. દ્રષ્ટાનું દ્રષ્ટાપણું, દશ્ય વસ્તુની અપેક્ષાએ છે, તો અહંકાર પણ દશ્ય

કોટીમાંજ ગણાય, માટે તે દ્રષ્ટા નથી પણ દૃશ્ય છે. ખાલી આવા બુદ્ધિ વાદમાં ન ઉતરીએ અને વાસ્તવિકતા ઉપર આવી, દશ્ય માંથી દશ્યપણું અને દ્રષ્ટામાંથી દ્રષ્ટાપણું, આ બે ભાવરૂપ ધર્મોને એક કાલાવચ્છિન્ન ખંખેરી નાખીને જોઈએ તો, જે શેષ રહે છે તે પરમસત્તારૂપ–ચૈતન્યરૂપ એવી કોઈ વસ્તુ સિદ્ધ થાય છે. આ તાત્ત્વિક વસ્તુ સ્થિતિજ, દશ્ય–દ્રષ્ટાદિ દ્વૈતરૂપે વિલસે છે, તેને ઉપર ઉપરથી જોનારને, ભેદ સત્ય દેખાય તેમાં નવાઇ નથી પરંતુ તાત્ત્વિક દ્રષ્ટિએ જોનારને, પોતાની સત્તા ચૈતન્યરૂપ વસ્તુ સ્થિતિ વગર, ઈતર સર્વ મિથ્યા છે. તત્ત્વ વિચારના અંતમાં બંધન મિથ્યા ઠરે છે, ત્યારે તેની અપેક્ષાએ સિદ્ધ થનાર મુક્તપણું એ પણ મિથ્યાજ છે આ સર્વ એક . વિચારજન્ય જ્ઞાનનો પ્રસાદ છે.

સ્વરૂપજ્ઞાનથી મોક્ષ થાય છે. એનો ભાવાર્થ હવે બરાબર સમ જાય છે. જ્ઞાન થવામાં ઔપચારિક રીતે, ચાહ્ય તે કહેવાનું હોય પણ જ્ઞાનનો વિષય તો સ્વરૂપજ છે. જે અર્થે સ્વરૂપજ્ઞાનમાં સ્વરૂપજ વિષય છે, તે અર્થે સ્વરૂપમાં મુક્તપણું પણ તે જ્ઞાનમાં જણાવાનું. માટે હું છું એ જેવું સ્ફુરે છે તેવું હું મુક્ત છું એવું પણ મને સ્ફુરશે. મારા વાસ્તવિક હુંપણામાં મારૂં વાસ્તવિક મુક્તપણું ભરેલુંજ છે વાસ્તવિક મોક્ષ પ્રાપ્તિની જોગવાઈ સ્વસ્વરૂપના વિષયી એક જ્ઞાન વિચારમાંજ છે. જ્ઞાન વિચાર વગર મોક્ષ પ્રાપ્તિનો અન્ય ઉપાયજ નથી; એમ મને જણાય છે. આજ પર્યંત જગતમાં કોઇ મુક્ત થયા હોય તો તે અને હવે પછી મુક્ત થશે તે, સ્વરૂપ જ્ઞાન બળેજ મુક્ત થયા છે. અને થવાના છે. મહારાજ! આ સંબંધે શાસ્ત્ર અને સત્પુરૂષોનો શો મત છે, તે મને જણાવવા કૃપા કરશો ?!

આવો પ્રગલ્ભ અને તાત્ત્વિક વિચાર અજ્ઞાનનો સાંભળીને

જ્ઞાને કહ્યું-મારા મિત્ર! આપે કહ્યું તેજ સત્શાસ્ત્ર અને તત્ત્વવેત્તા સત્પુરૂષોને સંમત છે. "नास्ति अकृतः कृतेन." અકૃત એટલે મોક્ષ, તે કૃતેન એટલે કર્માદિ ઉપાયે એ નિર્મિત કરી શકાય તેવો નથી. તે જીવોના સ્વરૂપભૂત કિંવા સ્વાત્મભૂતજ છે. સ્વસ્વરૂપ અથવા સ્વાત્મત્વ, એ સ્વભાવ સિદ્ધજ છે. સ્વભાવ સિદ્ધ વસ્તુની સિદ્ધિ સાધનથી કરવાની ઇચ્છા થવી એ મૂઢતા છે. એ સિદ્ધજ છે; પરંતુ આ સર્વ અભિપ્રાય જ્ઞાન વિચાર વિના સમજાતો નથી. જ્ઞાન વિચારજ મોક્ષ પ્રાપ્તિનો ખરો માર્ગ છે. શ્રુતિ છે કે:-[1]"આત્માને વિવેકથી જાણે તોજ, આ તત્ત્વજ્ઞ પુરૂષ, મૃત્યુ સંજ્ઞિત ભય-દુઃખ મય અને અજ્ઞાનમૂલક એવા સંસાર સમુદ્રની પાર જાય છે. આ વગર અન્ય માર્ગજ નથી." આ તત્ત્વજ્ઞાન જેવું પવિત્ર એટલે શુદ્ધ કરનાર આ જગતમાં બીજું કંઇ નથી. તમારામાં તે ઉદય પામ્યું. હવે તમે પવિત્ર અને મુક્તજ છો, એમ સમજો. વાહ! એ તો બધું ઠીક, પણ તમો કદાપિ આ સ્થિતિમાંથી ઉઠો તો, અવશેષ જીવિત કયેમ ગુજારો, એ કહેશો?

અજ્ઞાન-મારા દેવ! શા માટે નહિ કહું! હવે હું પોતાના ચૈતન્ય સંજ્ઞિત સ્વરૂપનું અનુસંધાન નિરંતર કરીશ. હવે હું તેને ભૂલીશ નહિ ચિત્ત વૃત્તિએ તદાકાર રહેવાની પ્રબળ ઉત્કંઠા, એજ હવે મુખ્ય કર્તવ્ય રહેશે. વચ્ચે વચ્ચે પરમેશ્વરનું નામ સ્મરણ કરતો રહીશ.

જ્ઞાન-જે પરમેશ્વરનું તમે સ્મરણ કરવાનું કહો છો, તેના સ્વ

---

१ तमेव विदित्वा आतिमत्यु मेति नान्यः पन्था विद्यते ऽयनाय।

રૂપ સંબંધે કંઇ વિચાર કર્યો છે! પરમેશ્વર એટલે વસ્તુતઃ શું હોવું જોઇએ? એ કહો જોઉં! તે જડરૂપ છે કે ચેતનરૂપ છે? જે ચૈતન્ય હોયતો તમારા–મારા ચૈતન્યસ્વરૂપથી ભિન્ન છે કે અભિન્ન છે?

અજ્ઞાન–મહારાજ! ઝીણામાં ઝીણા જીવંત પ્રાણીને જડ ન કહેવાય તો પરમેશ્વરને જડ કયેમ કહવાય! સાધારણ ગૃહરચના કરનારને પોતાના વિષયનુ સંપૂર્ણ જ્ઞાન હોવું જોઇએ, તો અચિન્ત્ય વિશ્વની રચના કર્તાનું કેટલું જ્ઞાન હોવું જોઇએ?! જ્ઞાન એ ચૈતન્યવિના નથી હોતું, માટે તે ચૈતન્ય સ્વરૂપજ હોવો જોઇએ. તે ચૈતન્ય અને તમારૂં મારૂં સર્વનું ચૈતન્ય, એકજ લક્ષણવાળું હોવું જોઇએ. ચૈતન્યમાં ભેદ નથી. તે અભેદ છે. રતીભાર સોનું અને સોનાનો મેરૂ પર્વત એ જાતિએ, લક્ષણે અને સ્વભાવે એકજ છે; પણ પ્રમાણમાં ફેર છે. તે પ્રમાણે પરમેશ્વર–તમે–અમે, એમાં જાતિ લક્ષણ અને સ્વભાવ એક રસ છે; પણ વજનમાં તારતમ્ય છે. જળનું બિંદુ અને જળનો સિંધુ જેવો ઇશ્વરમાં અને અમારામાં ફેરછે. વસ્તુતઃ એકજ સિંધુમાંથી જળ બિંદુ, એને પ્રથક્ કરીએ તો સમુદ્ર એવું કંઇ રહેતુંજ નથી. ત્યેમ એક એક જીવ જો તેમાંથી જુદા કરવામાં આવે તો પરમેશ્વર એવી કંઇ વસ્તુ રહેનારજ નથી. એક એક વૃક્ષને કાઢી નાખો તો વન એવી ચીજજ રહવાની નથી. પરમેશ્વર સ્વરૂપતઃ જીવથી અત્યંત ભિન્ન છે એમ નથીજ નથી જીવ અને પરમેશ્વર એનું સ્વરૂપ તો એક રસ ચૈતન્યજ છે; તથાપિ તે ચૈતન્ય, યત્કિંચિત્ એકાદા તુચ્છ દેહાદિ વિષયક ઉપાધીને અહંકાર વડે તદાકારતાની કલ્પનાથી સત્ય સ્વિકારી જ્યારે વર્તે છે, ત્યારે તેને જીવ એવી સંજ્ઞાથી કહેવાનો પ્રઘાત પડેલો હોવો જોઇએ. તેવી કલ્પનાનું સત્યત્વ સ્વિકારી જો તે વર્તતું ન હોય તો તેજ ચૈતન્ય પરમાત્મરૂપ છે એમ કહેવું જોઇએ.

જ્ઞાન–આમજ જ્યારે છે, ત્યારે પરમેશ્વરનું નામ સ્મરણ કરવાનું પ્રયોજન શું !

અજ્ઞાન–કોઇ એક અધિકારની દૃષ્ટિથી એમાં પ્રયોજન હોવું જોઇએ, એમ મને સમજાય છે. હું ચૈતન્ય માત્ર સ્વરૂપ છું, આવી પ્રતીતીને લીધે તદાકાર થનારા જીવને નામ સ્ફુર્તિ ભણી ઝાઝું લક્ષ દેવાનું કારણ નથી, પરંતુ સાધક જીવ પરમેશ્વરને ઉદ્દેશી કોઇ પણ નામ, તે જ્યારે પ્રવાહ તુલ્ય ઉચ્ચારે છે, ત્યારે તે પોતાના દેહાદિ વિષયક અહંકાર રૂપ ઉપાધિથી દૂર થવાનોજ પ્રયત્ન કરે છે. પરમાત્મ સ્વરૂપતા જોડવાનોજ તે આ પ્રયત્ન જીવો વડે કરાતો હોય છે. તે નામોમાં રહેલો અર્થ-સ્વારસ્ય તેને સમજાઓ કિંવા ન સમજાઓ પણ આ પ્રયત્ન બળથી તેનો અધિકાર વધતો હોવો જોઇએ તેની બુદ્ધિની શુદ્ધિ થતી હોવી જોઇએ. શબ્દનો કંઇ અર્થ તો હોય છેજ. ત્યારે પરમેશ્વરના નામમાં પણ કંઇ અર્થ હોવો જોઇએ. નામ એ અર્થનું સ્મરણ થવાનું કારણ છે. પરમેશ્વરના નામનો ઉચ્ચાર વક્તાને કિંવા શ્રોતાને પરમેશ્વરરૂપ અર્થનું સ્મરણ કરાવતો હોવો જોઇએ. સ્મરણ વૃત્તિમાં પરમેશ્વર સંબંધિ સ્ફુર્તિ ઉપજતી હોવી જોઇએ. નામોચ્ચારમાં જો કર્તાની કિંવા શ્રોતાની વૃત્તિ લક્ષ પૂર્વક તદર્થાકારતાને ધારે તો મોટો લાભ થાય, એ તો નિશ્ચય "આ જીવ જે પ્રકારનો અભ્યાસ ધરી રહે છે તે આકારનોજ છેવટ તે બને છે." પરમેશ્વરના નામનો જીવ જો અભ્યાસ ધારે તો તે જીવ તેવા અભ્યાસના પ્રયત્ન બળે પરમેશ્વરાકાર કયેમ ન બની જાય ? ! કર્તૃ તંત્રના માર્ગે આવો અને આટલો લાભ થાય છે અને વસ્તુ તંત્ર જ્ઞાન વિચારથી સહજ મહા ફળ લાભ થાય છે, એ કોઇ પણ બુદ્ધિમાન માર્મિકને સમજાય એવું છે.

જ્ઞાન-તમારી બુદ્ધિમતા જોઇ મને ઘણો આનંદ થાય છે. એટલુંજ નહિ પણ તમારા ઉપર નો પ્રેમ ઉભરાય છે!

અજ્ઞાન-જો એમજ છે તો મારા અવશેષ રહેલા સંશય અંશ ને દુર કરવા કૃપા કરો. સંશય આ છે:-વિચારના અંતમાં હું ચૈતન્ય રૂપ છું-તે ચૈતન્ય નિર્વિકાર અને સહજ શુદ્ધ છે, તેમાં કર્તૃત્વાભિમાન કંઇજ નથી. કર્તૃત્વાભિમાન અહંકારને છે તે અહંકાર દશ્ય છે. તે હું નથી. તેનો પ્રકાશક અને સાક્ષીભૂત એવો ઉદાસીન જ્ઞાનરૂપ હું છું. પાપ કર્મ અને પુણ્ય કર્મ તેનો કર્તા-ભોક્તા અહંકાર જીવ છે. આ બધું ઠીક છે. પરંતુ આ લચંડ એ ચૈતન્યમાં ઉત્પન્ન કયેમ થયું? એનાથી કર્મ કયેમ થાય છે? આ બધો અનર્થ પ્રકાર કયેમ થયો? એનું મૂળ કારણ શું હશે? એ મારે સમજવું તો જોઇએ હો!

જ્ઞાન-આ સંશયનું નિરાકરણ આપના મુખથીજ કરાવવાની મને ઇચ્છા છે. વિચારના અંતમાં 'હું ચૈતન્ય રૂપ છું' ઇત્યાદિ જે આપે પ્રથમ કહ્યું હતું, તે લક્ષમાં લ્યો. જ્યારે વિચારના અંતમાં અનર્થ એવું કંઇ છેજ નહિ, ત્યારે તેના પહેલાં જે સર્વ અનર્થ પ્રકાર થયો હશે. તે શાનાથી થયો હશે! એનો અમલ વિચાર કરશો તો તમારા લક્ષમાં સહજ આવશે.

અજ્ઞાન-વિચારના અંતમાં અનર્થ કંઇ નથી, એવું જો છે તો જે કંઇ અનર્થ પ્રકાર બને છે, તે સર્વ અવિચાર રૂપ અજ્ઞાનથી થતો હોવો જોઇએ હા હા! એજ ખરૂં, અજ્ઞાનજ સર્વ અનર્થનું કારણ છે.

જ્ઞાન-તમારો તર્ક યથાર્થ છે. અજ્ઞાનથીજ સર્વ અનર્થ ઉપજે છે. સર્વ શાસ્ત્રો પણ એમજ કહે છે. હવે તમે ફરી વિચાર કરી

કહો કે, આ અજ્ઞાન સંજ્ઞિત પદાર્થ શું હોવો જોઇએ? અને તેનાથી અનર્થ સંજ્ઞિત જે કંઇ થાય છે, તેની પ્રક્રિયા કેવી હોવી જોઇએ?

અજ્ઞાન—મને આમ સમજાય છે: અજ્ઞાન એટલે એક પ્રકારનો અંધકારજ. અંધકારની ખરેખરી પ્રતીતી આંખનેજ હોવી જોઇએ. અંધકાર એ એક પ્રકારનું દૃશ્ય—ભાસરૂપ ભાવ પદાર્થ છે, એવું આંખની પ્રતીતીથી ઠરે છે. આંખ તે આંખજ છે, તેમાં કંઇ ઉણપ નથી. તેજ પ્રમાણે અજ્ઞાન એ એક પ્રકારનો અંતરમાં અંધકારજ છે. અને ચૈતન્યઘનરૂપ જે જીવાત્મા, તેને પ્રતીતીમાં આવનારો એવો ભાવરૂપ પદાર્થ છે "મને સમજાતું નથી" આવું જ્યારે મનુષ્ય બોલે છે, તે વખતે તે જડરૂપ અથવા અચેતન રૂપ થઇ જાય છે એમ તો નહિજ. અર્થાત્ તે વેળાએ એને સ્વતઃ બદ્દલ સ્ફુરદ્રુપતા નથી એમ નહિ. 'મને સમજાતું નથી" એટલે હું અજ્ઞાન સંજ્ઞિત પદાર્થ છું" આવો આ બોલવાનો અભિપ્રાય નથી હું એટલે સાક્ષાત્ અજ્ઞાનજ એવો જો અર્થ થતો હોય તો મારો પ્રકાશક અથવા સાક્ષીભૂત એવો કોઇ ત્રણ પ્રકાશ હોવો જોઇએ. તે પ્રકાશનું નામ હું એવો જો અર્થ થતો હોય તો તે અજ્ઞાન સંજ્ઞિત નથી. અજ્ઞાન નામની જે ભાવના સ્ફુરે છે તે મને સ્ફુરે છે. એવું જે અર્થે પોતે સમજે છે, તે અર્થે હુંજ તેનો સાક્ષિભૂત અને પ્રકાશક છું એવું સિદ્ધ થાય છે. પોતાના સ્વયંપ્રકાશ એવા ચૈતન્યઘન સ્વરૂપની પાસે અજ્ઞાન સંજ્ઞિત કોઇ એક અંધકાર વેદ્ય રૂપે ભાસમાન થાય છે, તેનોજ તે 'મને સમજાતું નથી' એવા વાકયથી ઉલ્લેખ કરે છે. ઇતર ઘટપટાદિ બાહ્ય પદાર્થ, અને સુખ—દુખ—હર્ષ—વિષાદ, ક્ષુધા—તૃષા ઇત્યાદિ આંતર પદાર્થ, એ જેવા ચૈતન્યઘન જીવાત્માના જ્ઞાનસ્વરૂપ પ્રકાશમાં દશ્ય કિંવા વેદ્ય રૂપે સ્ફુરે છે, તે પ્રમાણે અજ્ઞાન સંજ્ઞિત અંધકાર એક જડ એવો

આંતર પદાર્થ દૃશ્ય રૂપે સ્ફુરે છે, અને તેને સ્પષ્ટ જાણે છે જ. પોતાને જ્ઞેય હોનાર ઘટપટાદિ કિંવા હર્ષ વિષાયાદિ પદાર્થ જ્યેમ આપણે નથી, ત્યેમ અજ્ઞાન સંજ્ઞિત પદાર્થ હું નથી એ નિશ્ચે. વાદળું આડું આવવાથી જ્યેમ સૂર્ય બિંબ સ્પષ્ટ દેખાતું નથી, ત્યેમ આ આંતસ્થ અજ્ઞાન સંજ્ઞિત અંધકાર વચ્ચે આવવાથી, તેમાં આચ્છાદિત થયેલ પદાર્થ દેખાતો બંધ થાય છે, એટલે આપણે કહીએ છીએ કે 'મને સમજાતું નથી;' અહિયાં આંખનું કામ એટલુંજ છે કે સામું આવે તેને જોવું અને તદનુસાર વાણીએ તેનો ઉલ્લેખ કરી દેવો; તે પ્રમાણે ચૈતન્યઘન જીવાત્માની પાસે તેના સ્વયંભૂ જ્ઞાન સંજ્ઞિત પ્રકાશની વ્યાપ્તિમાં જે કોઇ પદાર્થ ઉપસ્થિત થાય તેનો એણે સાક્ષિભૂત થઇને તેને પ્રકાશિત માત્ર કરવો એટલુંજ. તે પદાર્થ કોઇપણ હો. પ્રત્યક્ષ અજ્ઞાન સંજ્ઞિત અંધકાર ભાસે તોય શું કિંવા ઘટપટાદિ ભાસે તોય શું? એ એકજ છે. ઘટપટાદિ પદાર્થ અજ્ઞાનરૂપ અંધકારનો મૂર્તિમાન આકારછે અજ્ઞાનને જેવું સ્વપર જ્ઞાન નથી તેવું ઘટપટાદિને પણ સ્વ પર જ્ઞાન ક્યાં હોય છે? તે અજ્ઞાન સ્વભાવ આવો જડ સ્વરૂપજ હોય છે! જ્યારે હૃદયમાં અજ્ઞાન સંજ્ઞિત અંધકાર પ્રસરેલો હોય છે, ત્યારે તેનાથી ઢંકાયેલ પદાર્થ અજ્ઞેય એટલે ન સમજાવાની અવસ્થામાં, કિંવા, આપણો ચૈતન્ય પ્રકાશ તેના ઉપર વિશેષ રૂપે પડેલો નથી હોતો એવી અવસ્થામાં હોય છે. ધન્ય છે આ અજ્ઞાન સંજ્ઞિત અંધકારને!! આહા! આથીજ જીવો સ્વરૂપ વિષયમાં મૂઢ થતા હોવા જોઇએ. આ અજ્ઞાન સંજ્ઞિત અંધકાર, પોતાનો પ્રકાશક અને સાક્ષિભૂત એવા સ્વયં જ્યોતિરૂપ જીવાત્માને, પોતા સાથે તન્મયતા મનાવીને 'હું અજ્ઞાન' એવું તેની પાસેજ બોલાવે છે! ત્યારે હસવું કે રડવું! પ્રથમ રડવું, પછી હસવું અને ત્યાર પછી શાંત થવું જે અર્થે આ અજ્ઞાન

સંજ્ઞિત પદાર્થ અંધકાર તુલ્ય છે તે અર્થે તમોગુણરૂપ હોવો જોઇએ. મહારાજ! હું ચૈતન્યૈક સ્વરૂપ અને મુક્ત સ્વભાવ એવો હોવા છતાં મને મારૂં સ્વરૂપ તેવું ન જણાય એ કામ આ અજ્ઞાન અંધકાર વિના બીજા કોઇનું નથી, તેટલા માટે આવરણવું એવો એનો સ્વભાવ હોવો જોઇએ. એટલુંજ નહિ પણ વિપરિત ગ્રહ ઉત્પન્ન કરાવવો એવો પણ એનો સ્વભાવ હોવો જોઇએ. તેજ પ્રમાણે સંશયનો ઉત્પાદક આજ અજ્ઞાન અંધકારજ છે. મારા દેવ! આ બધો અનર્થ પ્રકાર કયેમ થયો! એનું મૂળ કારણ શું! અજ્ઞાન એટલે શું એ પ્રશ્ન સંબંધે મારાથી આટલુંજ સમજાય છે અધિક ન્યુન હોય તો કૃપા કરી કહો.

જ્ઞાન—આપે કહેલો ઉત્તર બરાબર છે. માત્ર કર્મ પ્રવૃત્તિ કયેમ થાય છે! એનો ઉત્તર રહ્યો!

અજ્ઞાન—ઇચ્છા વિના કર્મ પ્રવૃત્તિ થતી નથી માટે જીવોને પણ ઇચ્છા ઉત્પન્ન થતી હોવી જોઈએ. જ્યારે ઇચ્છા ઉપજે છે ત્યારેજ તે કર્મ કરવા લાગે છે. જીવને ઇચ્છા કયેમ ઉત્પન્ન થાય છે? એનો વિચાર કરીએ તો જીવને પોતાની પાસે કંઈ ન્યુનતા હોવી જોઇએ. આ ન્યુનતા શાની! એ વિચારીએ તો એને વિષય પદાર્થ જોઇતો હોવો જોઇએ. વિષય પદાર્થ શા માટે જોઇએ? આ વિચારીએ તો સુખ માટેજ જોઇએ એવું એમાં ઇંગીત છે. વિષયોમાં સુખ છે એવી એની કલ્પના હોવી જોઇએ માટેજ વિષયો ઉપર એને પ્રેમ છે પ્રેમ સુખ વગર હોયજ નહિ.

હવે આત્મા તરફ જોઇએ તો તેના જેવું કંઇ પ્રિયજ નથી. આવો સર્વ સાધારણ અનુભવ છે. જ્યારે તે નિરતિશય પ્રિય છે, ત્યારે તે અયંાત આનંદ રૂપ પણ હોવો જોઇએ. આનંદરૂપ હોવા

શીવાય તેના ઉપર નિરવધિક પ્રિયરૂપતાની ઉત્પત્તિ થાયજ નહિ. જીવોનું સ્વરૂપ જેમ ચૈતન્યઘન છે, ત્યેમ આનંદઘન પણ છે. એમ કહેવું જોઇએ. જ્યારે આ પ્રમાણે છે, ત્યારે તેને સુખની ન્યુનતા ભાસવી, નિરંતર સુખ હો એવી તિવ્ર ઉત્કંઠા રહેવી, વિષય સ્પર્શથી સુખ મળશે એવી માન્યતા થવી, તે વિષય સંપાદનાર્થે પ્રયત્નશીલ થવું -કર્મ પ્રવૃત્તિ થવી. આ સર્વ પ્રકાર દીવા નીચે અંધારા પ્રમાણે દેખાય છે. અર્થાત્ પૂર્વોક્ત અજ્ઞાન સંજ્ઞિત અંધકારજ આ જીવાત્માની સ્વાભાવિક પૂર્ણ એવી આનંદરૂપતા ને આવરણી વિષયમાં સુખ છે એવું એને મનાવે છે, એમ કહેવું પડશે. અજ્ઞાન સંજ્ઞિત અંધકાર એ એક દોષથી આ બધી અનર્થ પરંપરા થાય છે.

જ્યેમ અડદમાંથી કાળા-ગોરા એમ જુદા વિભાગ થાય નહિ, ત્યેમ અજ્ઞાન અને અજ્ઞાનના કાર્યમાંથી, આ સારૂં અને આ નઠારૂં ઈત્યાદિ કલ્પના વસ્તુતઃ સત્ય માનવા યોગ્ય નથી; માટે સત્કર્મ એટલે પુણ્ય અને અસત્કર્મ એટલે પાપ એ બે પ્રકાર જગતમાં જે રૂઢ થયા છે, એને અંધ પરંપરાજ કહેવી જોઇએ, કારણ આ સર્વ પ્રકાર અજ્ઞાનરૂપ અંધકારથીજ થયો છે. આ ઉપરથી એમ કહેવાય કે કોઇ પણ કર્મ સર્વથા નિર્દોષ કિંવા શુદ્ધ પુણ્યરૂપ છે જ નહિ. "ધુમાડાથી જ્યેમ અગ્નિ આવૃત્ત હોય છે ત્યેમ સર્વ કર્મ દોષથી વ્યાપેલાંજ છે." આવું શાસ્ત્ર વચન છે તે યોગ્યજ છે.

સર્વ પ્રકાશ અને સર્વ સાક્ષી ભૂત એવો જે ચૈતન્યઘન જીવાત્મા તે નિર્વિકાર સ્વરૂપ છે, માટે તે કાંઇપણ કર્મનો કર્તા થતો નથી.

કર્તા વિકારશીલ છે; કર્તૃત્વ એ અહંકારનું છે. અહંકાર રાખી શકાય છે, અથવા નહિવત્ કરી શકાય છે. સર્વ કર્મનો ભાર ઉપાડનાર આ અહંકારજ છે. જીવાત્મા એ ભોક્તા છે. એટલે ભોગોનો જ્ઞાતા છે અને પ્રકાશક છે ભોગાવસ્થામાં આ જીવાત્માના સ્વરૂપ-ભૂત પ્રકાશ અને સ્વરૂપભૂત બોધ એ ભોગ રૂપે સમજાય છે. સુખ કિંવા દુઃખ એનું જે સંવેદન એનેજ ભોગ એમ કહેવું જોઇએ. સુખનું સંવેદન અનુકૂલ લાગે છે માટે તે થતું રહેવું જોઇએ એવું થાય છે દુઃખનું સંવેદન પ્રતિકૂલ લાગે છે. માટે ન થવું જોઇએ એવું થાય છે. હવે, સુખ હોવું જોઇએ, એવી કલ્પના સર્વદા રહી તો જે જે પ્રવૃત્તિ થનાર તે તે અજ્ઞાન મૂલકજ થનાર. માટે એમાં કંઇને કંઇ દોષ થનારજ. આ જીવ કંઇ સર્વજ્ઞ નથી, જેથી એનો પ્રયત્ન ભૂલ વગરનો ઘણું કરીને થવાનોજ નહી. મને સુખ હો, એવી જો તેની કલ્પના હોય તોપણ તેના હેતુ પ્રમાણે એને સર્વદા સુખજ થશે. એ કેમ બને? એને સુખ જેવું કંઇ થનાર છે તે ક્ષણ માત્રજ. ક્ષણ માત્ર તે પણ પરાધીન, કારણકે વિષય અને ઇંદ્રિયાધીન તે છે. આવું છે છતાં એને જે સુખ થવાની ચટકી લાગી છે, તે કોઇ રીતે છૂટે એમ નથી. આવો આ મૂળ અજ્ઞાન રૂપ અંધકારનો આટલો જબરજસ્ત અમલ જીવ ઊપર ચાલવો એના જેવો શોચનીય પ્રકાર બીજો કોઇ નથી જ.

મહારાજ! આપે મને વિચાર કરવામાં યોજ્યો અને તે મારા વિચાર મારા મુખદ્વારા બહાર કઢાવ્યા, તેમાં સ્વસ્વરૂપ વિષયની અને અજ્ઞાન સંજ્ઞિત અંધકારરૂપ મૂળ દોષથી ક્રમે અનર્થ કયેમ ઉપજે છે એની પરંપરા મારા મતે થોડામાં યથામતિ મને સમ-

જાઇ એમ હું માનું છું; માટે તાત્ત્વિક સ્વરૂપ વિષયનું મારૂં અનુસંધાન અજ્ઞાનવશાત્ છૂટવાથી હું મૂઢ, કષ્ટિ અને પતિત થયો, તે માટે હવે હું મારી ચિત્ત વૃત્તિ સ્વસ્વરૂપમાં નિમગ્ન રહેશે તેમ કરીશ; જેથી અજ્ઞાનરૂપ અંધકાર દૂર થશે અને દુઃખ, પાતિત્ય કિંવા પાપ માલીન્ય એવું કંઇ રહેશે નહિ સૂર્યના પ્રકાશમાં સૂર્ય ભણી દૃષ્ટિ રાખી બેસનારને અંધકાર એવું કંઇ છેજ નહિ તે પ્રમાણે નિજ આત્મિય ચિદ્ઘન અને સુખઘન એવા સ્વસ્વરૂપમાં ચિત્ત વૃત્તિનો સંયોગ કરી રહેનારને અજ્ઞાન અને તજ્જન્ય દુઃખ પરંપરા રહેનારજ નહિ. એમ કરતાં કદાપિ ચિત્ત શ્રમિત થાય તો ભગવત્ સ્મરણમાં મગ્ન થઇ જાવું તેમ કરવાથી શું થાય છે તે મેં પૂર્વે કહ્યું છેજ.

જ્ઞાન રાત્રિ દિવસ–ચોવીસ કલાક આ સ્થિતિ એક સરખી તમે સાધી શકશો એમ તમને લાગે છે?

અજ્ઞાન–આરંભમાં એક સરખી તેવી સ્થિતિ ન રાખી શકાય એ ખરૂં તથાપિ અભ્યાસ બળે તેવું થશે એમ હું જાણું છું. અભ્યાસથી સાંગ કાર્ય સિદ્ધ થાય છે, એમ શાસ્ત્ર કહે છે.

જ્ઞાન–જ્યારે તમે વ્યવહાર સ્થિતિમાં હશો, ત્યારે સ્વરૂપાકાર સ્થિતિ હશે નહિ. તે વખતે તમને એમ થશે કે, હું સ્વરૂપાકાર સ્થિતિમાં નથી, તો તેનું સમાધાન કેવી રીતે કરશો?

અજ્ઞાન–મારા દેવ! જરા મારો પ્રમાદ થયો તેથીજ આ પ્રશ્નને અવકાશ મળ્યો! વસ્તુતઃ ચિત્તવૃત્તિ કોઇપણ પ્રકારની હો તોપણ તે મારા ચૈતન્યના જ્ઞાન સ્વરૂપ પ્રકાશમાં દૃશ્યજ રહેનાર અને હું તેનો સાંક્ષીભૂતજ રહેનાર. મારા સ્વરૂપાકાર રહેનારી કિંવા થનારી ચિત્તવૃત્તિના યોગે, મારા નિજ સ્વરૂપમાં કંઇ વિશેષ થશે એમ

નહિ; અને અન્ય વિષયાકાર તે રહેશે અથવા થશે તેથી કંઇ ન્યુનતા આવશે નહિ. મારૂં સ્વરૂપ છે તેવુંજ સર્વદા એક રસજ છે આ મારૂં અક્ષય સમાધાન છે; પણ સ્વરૂપાકાર રહેનારી નિરૂદ્ધ ચિત્ત વૃત્તિને જેવી ધન્યતા છે, તેવી અન્ય વિષયાકાર રહેનારી ચિત્તવૃત્તિને તે નથી. અર્થાત્ ઇતર ચેષ્ટા અને વિષય ભોગાવસ્થા ચાલુ રહેવા કરતાં ચિત્તવૃત્તિને નિરોધ પૂર્વક સ્વસ્વરૂપમાં તદાકાર કરવાનો પ્રયત્ન રહે, એ પરમ મંગલ છે. આ વાત નિર્વાદ છે.

જ્ઞાન-તમારો હેતુ ઉદાત્ત છે, તમારી ઇચ્છા પવિત્ર છે; પરંતુ જીવન વ્યાપાર-ભોગાવસ્થામાં જે સમય જાય તે વિના બાકીના સમયમાં, કોઇપણ કર્મ કરવામાં તમે સ્વતંત્ર છો. આવાંતર સર્વ કાળમાં સ્વરૂપાકાર ચિત્તવૃત્તિ કરો, નામ સ્મરણ કરો, ભગવાનનું ધ્યાન ધરો, બ્રહ્મ ચિંતન કરો. અધ્યાત્મ વિદ્યાનો વ્યાસંગ કરો, ઇત્યાદિ કોઇપણ સત્કર્મ કરો તેમાં તમો પૂર્ણ સ્વતંત્ર છો, પણ અવશ્યં ભાવી એવા ભોગ બાબતમાં તમો ભોગોન્મુખ કર્મના પરતંત્ર છો. અર્થાત્ ભોગકાળમાં સાધન સ્થિતિમાં રહી શકનારજ નથી એ નિશ્ચે.

અજ્ઞાન-ભોગ એટલે શું? એનો વિશેષ પ્રકાર છે શું!

જ્ઞાન-ભોગ એટલે વર્તમાન દેહમાં પ્રારબ્ધ સંજ્ઞિત કર્મનો જે સુખાકાર કિંવા દુઃખાકાર પરિણામ, તેનો જે અનુભવ, તેને શાસ્ત્રો ભોગ કહે છે.

અજ્ઞાન-પ્રારબ્ધ શીવાય કંઇ અન્ય કર્મના પ્રકાર છે શું? જો તે હોય તો કહો અને તે સાથે સર્વ કર્મનો ક્ષય કેવી રીતે થાય છે, તે પણ કૃપા કરી કહો.

જ્ઞાન-વર્તમાન શરીરમાં જે પાપ-પુણ્યરૂપ એવો નવિન કર્મનો સંકલ્પ કિંવા આરંભ તેને ક્રિયમાણ કર્મ કહેછે એ ક્રિયમાણ કર્મનું ફળ આ શરીરમાં પ્રાયઃ ઉપભોગમાં આવવાનું નહિ, તથાપિ આગળ કોઈપણ જન્મમાં જેનું ફળ ભોગવવાનું છે એવા કર્મને ક્રિયમાણ કર્મ કહે છે. વર્તમાન દેહમાં ભોગોન્મુખ થનારાં જે પ્રારબ્ધ સંજ્ઞિત કર્મ એ જેનાં અંશભૂત છે, તે કર્મ રાશીને સંચિત એવી સંજ્ઞા છે. એ વર્તમાન દેહના પૂર્વે અનેક જન્મ થયા છે, તેમાં અનેક સારાં નઠારાં કર્મો ઘડાયલાં છે, તે સંસ્કાર રૂપે વાસનાત્મક સૂક્ષ્મ શરીરમાં સંચાયલાં રહે છે. તેમાંનાં કંઇ કર્મ દેહારંભ પૂર્વક ભોગનાં કારણભૂત થયેલાં, તેટલા કર્મસમુદાયને પ્રારબ્ધ એવી સંજ્ઞા છે. આ ત્રણ પ્રકારનાં કર્મોમાંથી; પ્રારબ્ધ સંજ્ઞિત પુણ્ય પાપાત્મક કર્મોનો ક્ષય, સુખદુઃખ રૂપ ફળોને ભોગવાવી, આ દેહાંતની સાથેજ થાય છે. પુણ્ય-પાપરૂપ સંચિત અને ક્રિયમાણનો ક્ષય, સ્વરૂપવિષયક, તત્વજ્ઞાનથી કિંવા બ્રહ્મજ્ઞાનથી થાય છે. નહિતો કૃત ભોગવ્યા વિના છૂટકો નથી.

અજ્ઞાન-બ્રહ્મ એટલે શું છે? તે વિષયનું જ્ઞાન તે શું છે? એ કહેશો ?

જ્ઞાન-પૂર્વે જીવ અને ઇશ્વર સંબંધી તમે વિચાર કર્યો છે જ. જીવ અને ઇશ્વર એ જેના બે સોપાધિક પ્રકાર છે, તે મૂળ કેવળ નિરૂપાધિક, નિરવધિક, સદ્રુપ અને આનંદરૂપ ચૈતન્યને બ્રહ્મ કહે છે. જીવ અને ઇશ્વર આ સોપાધિક દ્વિવિધ ચૈતન્યના ઉપાધિભૂત અંશને તીરસ્કાર કરીને જે રહેનાર કેવળ ચૈતન્યાકાર અનન્ય વૃત્તિ સ્ફુરણ એનું નામ બ્રહ્મજ્ઞાન. તાત્ત્વિક જે આત્મસ્વરૂપ તેનેજ બ્રહ્મ એમ

કહે છે. આત્મસ્વરૂપ વિષયનું જે વૃત્તિરૂપ જ્ઞાન તેને બ્રહ્મજ્ઞાન કહે છે. આવો આમાં ભાવાર્થ છે.

પ્રસ્તુત વિષય આપણો એ છે કે જીવનાર્થ પ્રયત્નમાં અને ભોગાવસ્થામાં જે સમય લાગવાનો તે સમયમાં તમારાથી સ્વરૂપાનુસંધાન થશે નહિ. તેનાથી વ્યતિરિક્ત કાળમાં પણ સ્વરૂપાનુંસંધાન સરખું રાખવું એ એ કઠણ છે. તો તેનું કેમ થશે?

અજ્ઞાન–મહારાજ! આપ જે કહો છો તે યથાર્થ છે. સદા સર્વકાળ સ્વરૂપાનુસંધાન રહેશે નહિ, તથાપિ નિશ્ચયથી નિયમિતપણે યથાવકાશ સ્વરૂપાનુસંધાનનો અભ્યાસ કરતાં રહેવું. અભ્યાસ પૂર્ણ થયો એટલે સિદ્ધ સ્થિતિ કિંવા કૃતકૃત્યતા થનારજ. વિક્ષેપ આવવાથી એમાં અડચણ તો થવાની, તથાપિ જ્યાં નિરૂપાય હોય ત્યાં વિવેકબળથી સમાધાન રાખવું જ્યાં શક્ય હોય ત્યાં પ્રયત્ન કરવો, પ્રસંગે વિવેકથી સમાધાન રાખવું એ પ્રકાર મારાથી આ પ્રકારે સમજાયો છેઃ મને હવે પરમાર્થનું રહસ્ય ઠીક સમજાયું છે. પરમાર્થ એટલે જે વસ્તુતઃ કંઇ છે, તે તો હું જ છું; મારૂં તાત્ત્વિક સ્વરૂપ છે, તેજ મૂળ પરમાર્થનું તત્ત્વ છે આ અનેક સ્થૂલ–સૂક્ષ્મરૂપ દેહ સંજ્ઞિત પદાર્થ સંઘમાં પ્રકાશક, સાક્ષીભૂત અને સ્વયંપ્રકાશ એવું એક ચૈતન્ય માત્ર તત્ત્વ છે. તે તત્ત્વ અસંગ, નિર્વિકાર, મુક્તસ્વભાવ, ત્રિકાલાબાધિત, જ્ઞાનલક્ષણ, નિત્ય, સદ્રુપ છે. સમાધીથી એ મારા ચૈતન્ય સ્વરૂપમાં વિશેષ થઇ પુષ્ટી થનાર નથી. ઉત્થાનવસ્થાથી–વ્યાવહારિક કોઇપણ અવસ્થાથી તે મારા સ્વરૂપમાં ઉણપ આવી કૃષતા થનાર નથી. આવો પ્રબોધ મારા હૃદયમાં ઠરી રહ્યો છે. હવે મને તે ભૂલાવાનું નથી. એ વસ્તુ વિસરાય એવી એ નથી. પોતા વગર સર્વનું વિસ્મરણ થશે પણ પોતાને

વિસરાવાનો સંભવ નથી. તેમાં એ ખરૂં ઇંગીત જાણ્યા પછી, સ્વસ્વરૂપની વિસ્મૃતિની કલ્પના પણ થનાર નથી. આમ છે, તો અભ્યાસ યોગથી સ્વસ્વરૂપનું અનુસંધાન કરવાનો આગ્રહ શામાટે જોઇએ? આમ કદાપિ આપ કહો તો હું એટલુંજ કહીશ કે આગ્રહ–અનાગ્રહ એવો કંઇ પ્રકારજ નથી; પણ સ્વાભાવિકપણે થનારો પ્રકાર છે. મારે એટલે આત્માએ શું કરવાનું છે? તે નિષ્ક્રિય સ્વરૂપ, ઉદાસીન, બોધરૂપ એવો છે. જેવો આવાંતર વ્યવહાર બુદ્ધિપૂર્વક બને છે, તેવો સ્વરૂપાનુસંધાનરૂપ અભ્યાસ પણ બુદ્ધિપૂર્વકજ થવો જોઇએ એ ઉચિત છે. પાણી ઉપર અમુક પ્રકારના તરંગ આવશે એવું કંઇ નથી. કોઇપણ પ્રકારનો તે આવે ત્યારે જળ એકજ છે. આ નિશ્ચય થાય તો થયું ઇચ્છા પ્રમાણે સોનાના અલંકાર ઘડાય તેથી કંઇ સોનાપણામાં ન્યુનાધિક થતું નથી. આવો બુદ્ધિમાં નિશ્ચય થયો કે થયું. ક્વચિત્ પ્રારબ્ધવશાત્ કિંવા બુદ્ધિપુરસ્સર મારા ચૈતન્ય રૂપ જ્ઞાનના પ્રકાશ દર્પણમાં ચાહ્ય તે આકાર–પ્રકાર થાય તે કંઇ તેમાં ચોટતા નથી, એવું પૂર્ણ પણે મને સમજાયું છે. મહારાજ! હું કંઇ શાસ્ત્રાભ્યાસી નથી, તો મારા આ વિચારમાં યોગ્યતા કેટલી છે તે આપ કહેશો?

જ્ઞાન–મને આશ્ચર્ય થાય છે! તમારો અધિકાર ઘણો મોટો છે. તમે જે જે કહો છો તે તે શાસ્ત્રને પૂર્ણ સંમતજ કહો છો. આત્મા અકર્તા છે, તેનિષ્ક્રિય રૂપ છે, એવી તત્ત્વવેત્તાની સમજ છે.* તે પોતાના તાત્ત્વિક આત્માના સ્વભાવની દૃષ્ટિથી એમ કહે છે કે,

---

* भ. गी. अ. ५ श्लो. ८–९
॥ ॥ ॥ ३ ॥ २२–२८

"મારે આ ત્રૈલોકમાં કાંઇ કર્તવ્ય નથી. કર્મ કરવાનાં છે. તે અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત્યર્થ છે. હું બ્રહ્મરૂપ આત્માને અપ્રાપ્ત એવું છે જ ક્યાં? જે મેળવ્યા વગરનું બાકી હોય! વ્યવહાર દૃષ્ટિએ આ સર્વ જગત કર્મમય છે. તે સર્વ કર્મ રચનામાં હું આત્મા સત્તારૂપ અધિષ્ઠાન હોઇને ઉદાસીનપણે સ્ફુરૂં છું. પ્રારબ્ધ કર્મ અને તર્જન્ય ભોગ એમાં હું આત્મા સત્તારૂપ અધિષ્ઠાન હોઇને તે તે કર્તૃત્વ અને ભોક્તૃત્વ એ ભાવે સ્ફુરૂં છું. વસ્તુતઃ હું આત્મા અકર્તા અને અભોક્તા છું તથાપિ વ્યવહાર પુરતો ઉપર ઉપરથી જોનારને તેવો પ્રતિયમાન કિંવા ભાસમાન થાઉં છું" મારા મિત્ર! હવે તમે સમાધિ કરો કિંવા ગાઢ નિદ્રા લ્યો, રણમાં શત્રુ બરાબર યુદ્ધ કરો કિંવા વિલાસિની સાથે રતિસુખોનો ભોગ કરો, બાલકો સાથે ખેલો કિંવા વૃદ્ધો સાથે બ્રહ્મવાદ કરો. તાત્પર્ય કે પ્રારબ્ધ પ્રવાહમાં પ્રાપ્તાનુસારી થઇ રહેવું અને નિશાન ચુકવું નહિ. ખરા સિદ્ધ પુરૂષો એવાજ હોય છે.

હજુ મારો આપને એક પ્રશ્ન છે.—તમને તમારા મુક્તપણાનું રહસ્ય સમજાયું છે. આપણે એટલે આત્મા, તે તો નિર્વિક્ષેપ, ચિન્માત્ર સ્વરૂપ અને સર્વનો પ્રકાશક છે. તે સર્વમાં હોવા છતાં અલીપ્ત છે. તે મુક્ત છે, એટલે મુક્ત હોવું એ તેનો સહજ સ્વરૂપ સ્વભાવ છે. આ દૃષ્ટિથી જોતાં આપણને કોઇનો ભય નથી. ત્યારે હવે આપણે સ્વચ્છંદ કિંવા યથેચ્છ વર્તિએ તો શું હરકત છે? આવી તમે તત્ત્વ જ્ઞાનના યોગે બડાઇ માની વર્તો તો તે યોગ્ય છે?

અજ્ઞાન—મહારાજ! આપે કર્મ સંબંધી પૂર્વે ત્રણ પ્રકાર કહ્યા હતા. તે પૈકી પાપ—પુણ્યાત્મક સંચિત કર્મ તો જ્ઞાનાગ્નિથી બળી જાય છે. ક્રિયમાણ કર્મ મિથ્યા હોઇને જ્ઞાને કરી બાધિત થાય છે. તે આગલા જન્મમાં ભોગપર્યવસાયી થવામાં અસમર્થ થઇ જાય છે.

અથવા આ ક્રિયમાણુ કર્મ, જો પુણ્યરૂપ હોય છે તો તે, તે તત્ત્વવેત્તાના ભક્તને સુખરૂપ ફળદાયક થાય છે અને તે ક્રિયમાણુકર્મ, જો પાપરૂપ હોય છે તો તે, તે તત્ત્વવેત્તાના દુષ્ટાને દુઃખરૂપ ફળ દાયક થાય છે. આવી તે ક્રિયમાણુકર્મની વ્યવસ્થા શાસ્ત્રે ગાઇ છે. હવે બાકી રહ્યું પ્રારબ્ધ કર્મ. તે અવશ્ય ભવિતવ્યના યોગે ઉપભુકત હોઇને ક્ષય થનાર છે. ત્યારે હવે યથેચ્છ કર્માચરણુની બડાઇ આ તત્ત્વજ્ઞને કયાં, કયારે, અને કયેમ થશે? આ આપના પ્રશ્નને કિંવા સંશયને જગાજ નથી રહેતી. એમ હું માનું છું. કર્મનું સ્વરૂપ ગહન છે. અચિંત્ય છે. સર્વ તત્ત્વવેત્તાનાં પ્રારબ્ધ એક સરખાં છે, એમ મનાશે નહિ. જ્ઞાનદાયક કિંવા જ્ઞાન ફળક પ્રારબ્ધકર્મ માત્ર એક સરખાં હોવાનાં એમાં તો સંશયજ નથી. તત્ત્વવેત્તાની દૃષ્ટિએ પ્રારબ્ધેય મિથ્યા ઠરે છે. કદાચિત્ આપના કહેવા પ્રમાણે તેણે પોતાના તત્ત્વજ્ઞાનની બડાઇ માની અને તે યથેષ્ટાચરણમાં પ્રવૃત્ત થયો તો તે ક્રિયમાણ રૂપજ ઠરશે, કિંવા ભોગોન્મુખ હોનારા પ્રબળ પ્રારબ્ધ સંચિત કર્મ પૈકીનું એક ઠરશે. ક્રિયમાણુ ઠરશે તો તે મિથ્યા છે. તે આગલા જન્મનું કારણ થશે નહિ; આવો તેના તત્ત્વજ્ઞાનનો નિશ્ચય છે. કદાપિ પ્રારબ્ધ સંચિત ઠરશે તો તે વર્તમાન દેહમાં ભોગવ્યા વિના થઇ નહિ રહે. "પ્રચંડ પ્રજ્વલિત થયેલો જ્ઞાનાગ્નિ, તેના સર્વ પ્રકારનાં કર્મને ભસ્મ કરે છે." જો આમ નહિ હોય તો તત્ત્વજ્ઞાનમાં કોઇની પ્રવૃત્તિજ થશે નહિ.

દૈવ એટલે પ્રારબ્ધ કર્મ. વે અત્યંત વિચિત્ર છે. તત્ત્વ જ્ઞાન દેનાર પ્રારબ્ધકર્મ વિશેષની સાથે બીજા પણુ પ્રારબ્ધકર્મના અનેક પ્રકાર ઉદિત થયેલા હોય છે. તત્ત્વજ્ઞાન વડે જીવનમુકત થયેલા પણુ આવાંતર સુખ–દુઃખના ભોગાર્થ તાદૃશ પ્રારબ્ધ કર્મના પેચમાં

સપડાયલા હોય છે. તેથી તે જીવનમુક્ત પુરૂષ તેવા તેવા ભોગના સમયમાં તેવાં તેવાં નિમિત્તભૂત કર્મની જગાએ પૂર્વ સંચિત રૂપી કર્મના સંસ્કારવશાત્ પ્રવૃત્ત થાય છે. તે નિમિત્ત ભૂતકર્મ અને તત્કાળ તજ્જન્ય ભોગ એના ભણી જગત્ પોતાના અધિકાર પ્રમાણે જુએ છે. તત્ત્વવેત્તાને તો સિદ્ધાંત વિષયક જ્ઞાન દૃષ્ટિએ સર્વત્ર જોઇને પોતાનું સમાધાન* રક્ષિત કરવાનું હોય છે. હવે હું ક્ષણ વાર આમ કહું છું કે; "એનાથી જેટલું પાપ થાય તેટલું ભલે કરો પણ એક તત્ત્વ જ્ઞાનને શરણે થાઓ" કર્મ સંબંધી પૂર્વોક્ત મર્યાદાની બહાર કોઇ રહી શકેજ નહિ. આ તત્ત્વ જ્ઞાનજ એને યથેચ્છ પાપાચરણ વિષયમાં લજ્જિત કરીને તેથી પાછો વાળશે. તત્ત્વજ્ઞાન થયું એટલે યથેચ્છ પાપાચરણમાં હવે નિશંક પ્રવૃત્ત થવું એવો તેમાં કાર્ય કારણ ભાવજ નથી. "**सिद्धस्य गतिश्चिन्तनीया**" એટલે પ્રારબ્ધવશાત્ ઉપસ્થિત થયેલા પ્રસંગમાં, જેથી સમાધાનનો માર્ગ મળે એવો સારાસાર વિચાર, તારતમ્યે કરીને કરવો અને પોતાનું સમાધાન કરી લેવું. આ વાત "તત્ત્વ જ્ઞાનયોગ" શીખવે છે. મારા દેવ ! આ આપના પ્રશ્નનો ઉત્તર મારાથી ઠીક દેવાયો છે ?

જ્ઞાન–હા ! તે બરાબર અને ચોખ્ખો છે. તે સાંભળી મારૂં ચિત્ત અત્યંત આનંદિત થયું છે હું પ્રસંન થયો. તમો નિર્ભય અને

***सर्वदा स्थापनं बुद्धे शुद्धे ब्रह्मणी सर्वदा । "समाधान" समित्युक्तं नतु चित्तस्य लालनम् ॥ श्री शंकर.**

નિશંક થયા. હવે કહો કે જીવું તો શું! મરૂં તો શું! શિવોહમ્! શિવોહમ્! સચ્ચિદાનંદોહમ્! ૐ હરિઃ હરિઃ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પ્રિય વાચક,

પૂર્વાપર અવલોકિને, સારાસાર વિચાર—
કરો, સ્વરૂપ સુખ પામશો, દુઃખની—જાશો પાર.

ઇતિ શિવમ્.



કરાચી, બંદર રોડપર આવેલા "મનોહર" પ્રેસમાં નરભેશંકર જગજીવન દવેએ છાપી.